## ભાવનગર–રાજકોટ હાઈવે ઉપર આવેલ શહેરને સુવિધા આપવી જરૂરી

# અન્યાય : બાબરામાં સુવિધાસભર સી.એચ.સી. બનાવવા માંગ

### છેલ્લા ૨ દાયકાથી સતત રજૂઆત અને બાદમાં ખાત્રી સિવાય કશું જ મળતું નથી

### ધારાસભ્ય બદલાયા, સાંસદ બદલાયા અને મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી બદલાયા પણ માંગ મંજૂર થતી નથી

### સમગ્ર પંથકની જનસંખ્યાનો આંક દોઢ લાખ સુધી પહોંચી ગયો હોય સુવિધા જરૂરી

### ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મુનાભાઈ મલકાણની પુનઃ રજૂઆત

બાબરા, તા. ૬

રાજકોટ–ભાવનગર નેશનલ હાઈવે પર આવેલા મહત્વના મથક એવા બાબરા શહેર અને તાલુકાના ૫૯ ગામોની આરોગ્ય સ્થિતિ અત્યંત દયનીય બની છે. વર્ષો જૂની અને જર્જરિત હોસ્પિટલના કારણે સર્જાતી હાલાકી મુદ્દે બાબરા ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ મુન્નાભાઈ મલકાણ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ઉદ્દેશીને એક વેધક પત્ર લખી આધુનિક સુવિધાઓ સાથેનું નવું સામુહિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) તાકીદે મંજૂર કરવા માંગ કરી છે.

પત્રમાં જણાવ્યા અનુસાર, બાબરા તાલુકાના ૫૯ ગામોના લોકો અને દોઢ લાખની વસ્તી માટે આ એકમાત્ર આરોગ્ય કેન્દ્ર છે. પરંતુ હાલની હોસ્પિટલની હાલત અત્યંત જર્જરિત છે અને જગ્યા પણ ખૂબ જ નાની છે. દરરોજ અનેક પ્રસુતિના કેસો અને ઈમરજન્સી કેસો આવે છે, પરંતુ પૂરતી સુવિધાના અભાવે દર્દીઓને અન્ય શહેરોમાં રિફર કરવા પડે છે, જે ગરીબ દર્દીઓ માટે આર્થિક રીતે પણ ભારે પડે છે.

બાબરા શહેર રાજકોટ–ભાવનગર નેશનલ હાઈવેની મધ્યમાં આવેલું હોવાથી અહીં અવારનવાર જીવલેણ અકસ્માતો સર્જાતા હોય છે. કટોકટીની પળે જો આધુનિક સુવિધાઓ અને સારવાર ઉપલબ્ધ હોય તો અનેક લોકોના જીવ બચાવી શકાય તેમ છે, પરંતુ હાલમાં પૂરતી સારવાર ન મળવાને કારણે અનેક દર્દીઓ રસ્તામાં જ દમ તોડી દેતા હોવાની ગંભીર બાબત પણ રજૂઆતમાં ટાંકવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ મુનાભાઈ મલકાણે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે વારંવારની રજૂઆતો છતાં સરકાર કેમ મૌન?

આગળ પત્રમાં રોષ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, અગાઉ તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ઋષિકેશ પટેલ તેમજ હાલના આરોગ્ય મંત્રી પણ અનેકવાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં પણ બે વખત રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. તેઓ એ આ પત્રની નકલ પ્રભારી મંત્રી જીતુભાઈ વઘાણી, ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિતના પદાધિકારીઓને મોકલીને યોગ્ય ભલામણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. જો વહેલી તકે આધુનિક હોસ્પિટલનું નિર્માણ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં સ્થાનિક સ્તરે જનઆક્રોશ વધે તેવી પૂરેપૂરી શકયતા છે.

### ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા

## બાબરનાં કલોરાણા ગામે જીવલેણ હુમલો કરવાનાં ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

### એડવોકેટ ભાવેશ રાઠોડની દલીલો સફળ રહી



બાબરા, તા. ૬

બાબરા તાલુકાના કલોરાણા ગામે વર્ષ ૨૦૨૦માં ખેતરના શેઢે ખાતર ખાલી કરવા જેવી નજીવી બાબતે થયેલા કૌટુંબિક ઝઘડા અને જીવલેણ હુમલાના કેસમાં અમરેલીની ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્સ કોર્ટે તમામ ૬ આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો મહત્વનો હુકમ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, ગત તા. ૩/૯/૨૦૨૦ના રોજ સવારના આઠેક વાગ્યે ફરિયાદી લાલજીભાઈ ધનજીભાઈ પરિવાર સાથે વાડીએ કામ કરતા હતા, ત્યારે તેમના જ કુટુંબી મેરામભાઈ વશરામભાઈ તથા અન્ય આરોપીઓ સાથે પડતર જગ્યામાં ખાતરની ગાડી ખાલી કરવા બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ફરિયાદીએ બાબરા પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ, આરોપીઓએ એકસંપ થઈ પાવડા, લોખંડની રાપ, લાકડી અને ખપાડી જેવા હથિયારો વડે હુમલો કરી ફરિયાદીના પિતા ધનજીભાઈ, ભાઈઓ ગુણેશ અને સુરેશ તથા પરિવારની મહિલાઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ મામલે પોલીસે તપાસ પૂર્ણ કરી અમરેલી સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતા સેશન્સ કેસ નં. ૩૯/૨૦૨૧થી કેસ ચાલવા પર આવ્યો હતો. સુનાવણી દરમિયાન આરોપી પક્ષના વિદ્વાન એડવોકેટ ભાવેશ બી. રાઠોડ દ્વારા રજૂ કરવામાં આવેલી. કાયદાકીય દલીલો અને સાક્ષીઓની ઉલટ તપાસમાં બહાર આવેલી હકીકતોને ધ્યાને લેતા, નામદાર કોર્ટે પુરાવાના અભાવે તમામ આરોપીઓને નિર્દોષ મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં આરોપી પક્ષે એડવોકેટ ભાવેશ બી. રાઠોડની સફળતા.

### વિપક્ષી નગરસેવકે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

## અમરેલીમાં સફાઈનો કોન્ટ્રાકટ ધરાવતી એજન્સી વોર્ડ–૭માં સફાઈ કાર્ય કરવામાં નિષ્ફળ

### યોગ્ય સફાઈ ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે કરાશે આંદોલન



અમરેલી, તા. ૬

અમરેલીનાં વોર્ડ–૭ નાં વિપક્ષી નગર સેવકે ગંદકીનાં ફોટોગ્રાફ સાથે ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, વોર્ડ નં. ૭ વિસ્તારમાં અવારનવાર સફાઈ બાબતે એજન્સીનાં અધિકારીઓ સાથે ટેલીફોનીક વાતચીત કરવા છતાં વિસ્તારમાં વ્યવસ્થિત રીતે સફાઈ કામગીરી કરવામાં આવતી નથી અને ડોર ટુ ડોર કચરા કલેકશન કરવામાં આવતા નથી અને ડોર ટુ ડોરના વાહન ધ્વારા કચરાના સ્ટેન્ડ ભરવામાં આવી રહેલા છે. તો ડોર ટુ ડોર વાહન ઘરે ઘરે પહોંચી શકતુ નથી. સફાઈના પોઈન્ટ ઉપાડવા માટે ટ્રેકટરો રાખવામાં આવે અને સવારના વ્હેલા દરરોજ પોઈન્ટ ઉપડી જાય અને ડોર ટુ ડોર વાહન વોર્ડ નં. ૭નાં વિસ્તારમાં પહોંચી શકે અને ઘર દીઠ કચરો લઈ શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરવી અને આ કાર્ય જો કરવામાં નહી આવે તો આ એજન્સીનાં બીલ રોકાવી દેવા અને જો બીલ આપવામાં આવશે તો આ વિસ્તારનાં રહેવાસીઓ ધ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

### ''સાઈકલ ચલાવો પર્યાવરણ બચાવો'' અંતર્ગત

## સાવરકુંડલા ખાતે યોજાયેલ સ્પર્ધામાં ધારાસભ્ય કસવાલા અને એસ.પી.ની ઉપસ્થિતિ

### પાંચ કેટેગરીમાં આવેલ પ્રથમ ત્રણ વિજેતાનુ સન્માન



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરમાં આજરોજ ભવ્ય સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજે ૧૦૦૦થી વધુ સાયકલ સવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવારે મહુવા રોડ ઉપર સાયકલ સવારો ઉમટી પડતા શહેરમાં ઉત્સવમય માહોલ સર્જાયો હતો.

આ સાયકલોથોનમાં કુલ ૫ કેટેગરીમાં ત્રણ કિલોમીટરની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક કેટેગરીમાં પ્રથમ ત્રણ ક્રમે આવેલ વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ સાયકલોથોનનું આયોજન કેતનભાઈ ખુમાણ અને તેમની ટીમ દ્વારા સતત છેલ્લા ૧૨ વર્ષથી નિયમિત રીતે કરવામાં આવી રહ્યું છે, જે આરોગ્ય જાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રશંસનીય પહેલ છે.

કાર્યક્રમમાં સાવરકુંડલા–લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ અમરેલી જિલ્લાના પોલીસ વડા એસ.પી. સંજયભાઈની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવોએ સાયકલિંગને દૈનિક જીવનનો ભાગ બનાવવાની અપીલ કરી હતી.

આ સાયકલોથોન દ્વારા સ્વસ્થ જીવનશૈલી, ફિટનેસ અને સ્વચ્છ પર્યાવરણ અંગે જનજાગૃતિનો સંદેશ લોકો સુધી પહોંચ્યો હતો.

આ સાયકલોથોનમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધસિંહ રાઠોડ, એ.પી.એમ.સી. ચેરમેન દીપકભાઈ માલાણી, જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, પૂર્વ ભાજપ પ્રવીણભાઈ સાવજ, નગરપાલિકા ચીફ ઓફિસર, પોલીસ ઈન્સપેકટર સી.ટી. પોલીસ સહીત શહેર ભાજપ સંગઠન નાગરિકો ઉપસ્થિત રહ્યા.

## વીજપડી બસ સ્ટેશન પર સાઈન બોર્ડ લગાવવા માંગ

વીજપડી, તા. ૬

સાવરકુંડલા તાલુકાનાં તાલુકા કક્ષાના વીજપડી ગામે માર્ગ ડેવલપમેન્ટ કામગીરીનાંઅનુસંધાનેબસ સ્ટેશન ઉપરનાં બિન અધિકૃત કેબિનો, દુકાનો હટાવવામાં આવેલ છે. આથી વીજપડી બસ સ્ટેશન ઉપર સ્ટેશનનો દેખાવ અંધકાર બની ગયેલ છે.

એસ.ટી.નાં નવા ડ્રાઈવરો આથી અટવાઈ જાય છે અને સાવરકુંડલા તરફથી રાત્રે આવતી બસોને વીજપડી બસ સ્ટોપ ઉપર રેડીયમ સાઈન બોર્ડ નહી હોવાથી છેક આઉટ પોલીસ સ્ટેશન સામે રાજકોટ–મુહવા બસમાં વીજપડીના મુસાફરોને ઉતારવામાં આવેલ છે.

માર્ગ–મકાન વિભાગ તાકીદે વીજપડી બસ સ્ટેશને આવેલ હનુમંત કોમ્પ્લેક્ષ પાસે વીજપડી લખેલ સાઈન બોર્ડ લગાવવા મુસાફરો તરફથી અમાનઅલી રસભર્યા વીજપડીની માંગ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## સાવરકુંડલા : લુહાર યુવા ગ્રુપ દ્વારા આયોજિત ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરમાં લુહાર યુવા ગ્રુપ દ્વારા આયોજિત ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન અહીં હાથસણી રોડ સ્થિત આંખની હોસ્પિટલના વિશાળ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે. આ સંદર્ભે સાવરકુંડલા લુહાર યુવા ગ્રુપ દ્વારા સાવરકુંડલા શહેર તેમજ તાલુકાના ક્રિકેટ પ્રેમી ભાઈઓ બહેનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ પણ પાઠવવામાં આવેલ.

હવે વાત કરીએ આ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની તો ગતવર્ષ ૨૦૨૪–૨૫ની જેમ આ વર્ષે પણ તારીખ ૩ અને ૪ જાન્યુઆરી ૨૦૨૬ શનિવાર રવિવારના રોજ સવારે ૯ કલાકથી સાવરકુંડલા મુકામે હાથસણી રોડ આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડમાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ક્રિકેટનું લાઈવ પ્રસારણ સાવરકુંડલા શહેર તેમજ ગુજરાત સહિત સમગ્ર ભારતમાં YouTubeના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે.

આમ પણ સાંપ્રત સમયમાં ક્રિકેટ એ ખૂબ લોકપ્રિય રમત છે. આ રમત દ્વારા ક્રિકેટના રસિયાઓમાં ખેલદિલીની ભાવના વધુ દ્રઢ થાય. આ ટુર્નામેન્ટ સફળ બનાવવા માટે સાવરકુંડલા લુહાર યુવા ગ્રુપના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

આ ક્રિકેટનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવી રહ્યું છે. સાવરકુંડલા શહેર તેમજ આસપાસના ક્રિકેટ પ્રેમીઓ આ ક્રિકેટ ટુર્નામેન્ટનો લ્હાવો લેવા માટે અહીં આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડ પર ક્રિકેટ રસિયાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ટુર્નામેન્ટનો આનંદ ઉઠાવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પણ મુલાકાત લઈને રમતવીરોને પ્રોત્સાહિત કરેલ.

### પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા માટે

## બાબરાની પંચશીલ સ્કૂલ ખાતે ''ગુડ ટચ–બેડ ટચ'' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### પી.આઈ. જે.આર. સરવૈયા ખાસ ઉપસ્થિત રહ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરાની પંચશીલ સ્કૂલ ખાતે શાળાના તમામ વિદ્યાર્થીઓની સુરક્ષા અને જાગૃતિ માટે બાબરા પોલીસ દ્વારા 'ગુડ ટચ–બેડ ટચ' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.આર. સરવૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમનું સ્વાગત શાળાના સંચાલક પ્રકાશભાઈ ગોલેતર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાબરા પોલીસ સ્ટેશનના અનોપસિંહ સોલંકી, પરેશભાઈ બારૈયા, જયદેવસિંહ સોલંકી, ભુપતભાઈ અને ગૌરીબેન પટોળિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અનોપસિંહ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ ભાષામાં સમજણ આપવામાં આવી હતી કે શાળાએ આવતા–જતા સમયે રસ્તામાં કોઈ અજાણી વ્યકિત હેરાનગતિ કરે અથવા કોઈ લોભામણી લાલચ આપી ખાણીપીણીની વસ્તુઓ કે રમકડાં આપે તો તે લેવા જોઈએ નહીં. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જો કોઈ વ્યકિત શરીરના અંગોને અયોગ્ય રીતે સ્પર્શ કરે તો વિદ્યાર્થીઓએ ડર્યા વગર તુરંત જ ઘરે અથવા શાળાના આચાર્યને તેની જાણ કરવી જોઈએ અને આવી જાણ કરનાર વિદ્યાર્થીનું નામ પણ પોલીસ દ્વારા ગુપ્ત રાખવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. આ વિષયની વધુ ગહન સમજૂતી માટે વિદ્યાર્થીઓને 'કોમલ' નામની શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ જાગૃતિ કાર્યક્રમમાં શાળાના ૧૪ શિક્ષકો પણ જોડાયા હતા અને કાર્યક્રમના અંતે તમામ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમ શાળાના સંચાલક પ્રકાશભાઈ ગોલેતરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### અર્ધકુંભ મેળાને લઇને સરકારે આપ્યો સંકેત

# હરિદ્વારના ગંગા ઘાટમાં બિન-હિન્દુઓના પ્રવેશ અંગે કડક નિયમો

**૧૦૫ ઘાટ પર પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા અને હરિદ્વાર-ઋષિકેશને સનાતન પવિત્ર શહેરો તરીકે જાહેર કરવાના પ્રસ્તાવો ચાલી રહ્યા છે**

ઉત્તરાખંડ,તા.૦૬

ઉત્તરાખંડ સરકાર ૨૦૨૭ના અર્ધ કુંભ મેળાને જોતા અપેક્ષાએ હરિદ્વારના ગંગા ઘાટમાં બિન-હિન્દુઓના પ્રવેશ અંગે કડક નિયમો પર વિચાર કરી રહી છે. ૧૦૫ ઘાટ પર પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા અને હરિદ્વાર-ઋષિકેશને સનાતન પવિત્ર શહેરો તરીકે જાહેર કરવાના પ્રસ્તાવો ચાલી રહ્યા છે. સરકારનો ઉદ્દેશ્ય ભીડ નિયંત્રણ, સુરક્ષા અને ધાર્મિક પવિત્રતા જાળવવાનો છે.

અર્ધ કુંભ મેળાને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકાર હરિદ્વાર ક્ષેત્રમાં ગંગા ઘાટ પર બિન-હિન્દુઓના પ્રવેશ અંગે કડક નિયમો લાગુ કરવા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. હરિદ્વારના આશરે ૧૨૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા ૧૦૫ ઘાટ પર બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં શ્રી ગંગા સભા સાથે સંકળાયેલા કેટલાક અધિકારીઓએ પણ આ સંદર્ભમાં સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરી છે.

હરિદ્વારના ગંગા ઘાટ પર બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ ૨૦૨૭ના અર્ધ કુંભ મેળાથી શરૂ થઈ શકે છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ એક મુલાકાતમાં આ વાતનો સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે હરિદ્વાર એક પવિત્ર શહેર છે અને સરકાર તેની આધ્યાત્મિક ગરિમા જાળવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે દેવભૂમિ ઉત્તરાખંડની સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળખ જાળવવા માટે જૂના કાયદાઓ અને હાલની જોગવાઈઓની સમીક્ષા કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર ઋષિકેશ અને હરિદ્વારને સનાતન પવિત્ર શહેરો તરીકે જાહેર કરવાની શક્યતા પર પણ વિચાર કરી રહી છે.

મુખ્યમંત્રીના મતે આ બે શહેરો સનાતન પરંપરા અને આસ્થાના મુખ્ય કેન્દ્રો છે, જે ભારત અને વિદેશથી લાખો ભક્તોને આકર્ષે છે. પરિણામે સરકાર ભીડ નિયંત્રણ, સુરક્ષા અને પવિત્રતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિકલ્પો શોધી રહી છે.

દર વર્ષે પાંચ કરોડથી વધુ ભક્તો હરિદ્વારની મુલાકાત લે છે. ૨૦૨૭ માં પ્રસ્તાવિત અર્ધ કુંભ શ્રાવણ મહિનામાં કાવડ યાત્રા અને ગંગા કોરિડોર પ્રોજેક્ટને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર ભીડનું વધુ સારી રીતે સંચાલન કરવા અને ધાર્મિક પવિત્રતા જાળવવા માટે વ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવવા માંગે છે. આ દિશામાં ૧૦૫ ગંગા ઘાટનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે, અને તેમના પુનર્વિકાસ અને પુનર્નિર્માણની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે.

શ્રી ગંગા સભા હર કી પૌડીના પ્રમુખ પંડિત નીતિન ગૌતમે કુંભ મેળા વિસ્તાર અને મુખ્ય ગંગા ઘાટોને બિન-હિન્દુ પ્રતિબંધિત ક્ષેત્રો જાહેર કરવાની માંગ કરી છે. તેમનો દલીલ છે કે બ્રિટિશ કાળ દરમિયાન પણ હરિદ્વાર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં બિન-હિન્દુઓના રોકાણ અને વ્યવસાય અંગે નિયમો હતા. તેમણે જણાવ્યું હતું કે ભવ્ય અને સલામત કુંભ કાર્યક્રમ માટે આવા પગલાં જરૂરી છે.

જો આ દરખાસ્ત મંજૂર થાય છે, તો હરિદ્વાર અને ઋષિકેશને પવિત્ર શહેરોનો દરજ્જો મળી શકે છે. આ દરખાસ્ત હેઠળ, ઘાટ પર કડક નિયમો લાગુ કરવામાં આવશે, અને રાત્રિ રોકાણ અને આચરણ અંગે નવી માર્ગદર્શિકા સ્થાપિત કરવામાં આવશે. ૨૦૨૭ના અર્ધ કુંભ પહેલા આ અંગે નિર્ણય સરકાર માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

### ચિકન નેક બન્યું અભેદ કિલ્લો

# બાંગ્લાદેશમાં અશાંતિ વચ્ચે ભારતે બોર્ડર પર બનાવી ૧૨ ફૂટ ઊંચી સ્માર્ટ ફેન્સિંગ

**સીમા સુરક્ષા દળ (BSF)એ અત્યંત મહત્ત્વની ચિકન નેક (સિલીગુડી કોરિડોર) વિસ્તારમાં સરહદ સુરક્ષા વધુ મજબૂત કરી દીધી છે**

નવી દિલ્હી,તા.૦૬

બાંગ્લાદેશમાં અશાંતિ ઉભી થયા બાદ ભારતીય સેના સરહદ પર હાઈએલર્ટ છે. ભારતીય સેનાએ હવે બાંગ્લાદેશી ઘૂસણખોરોની ભારતીય સરહદમાં ઘૂસણખોરી અશક્ય કરી નાખી છે. સીમા સુરક્ષા દળ (BSF)એ અત્યંત મહત્ત્વની ચિકન નેક (સિલીગુડી કોરિડોર) વિસ્તારમાં સરહદ સુરક્ષા વધુ મજબૂત કરી દીધી છે. આ ક્રમમાં સેનાએ લગભગ ૭૫ ટકા સરહદી વિસ્તારમાં નવી ડિઝાઈની ફેન્સિંગ લગાવી દીધી છે.

બીએસએફ અધિકારીઓને ટાંકીને કહેવાયું છે કે, ભારતીય સેનાએ ભારત-બાંગ્લાદેશ પરના સંવેદનશીલ વિસ્તારોમાં નવી ડિઝાઈનની ૧૨ ફૂટ ઊંચી ફેન્સિંગ લગાવી દીધી છે. આ નવી ડિઝાઈની ફેન્સિંગ કાપવી અશક્ય છે. જો ઘૂસણખોર તે ફેન્સિંગ કાપવાનો પ્રયાસ કરશે તો પણ તેમાં ગણ સમય લાગશે. સૌથી મહત્ત્વની વાત તેની ઊંચાઈ છે. ફેન્સિંગની ૧૨ ફૂટ ઊંચાઈ હોવાના કારણે ઘૂસણખોરી કરવી પણ મુશ્કેલ છે. આ ફેન્સિંગના કારણે હવે ઘૂસણખોરી કરવાના પ્રયાસો અને પશુઓની તસ્કરી જેવી ઘટનાઓમાં ઘટાડો થશે.

બીએસએફના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, 'ચિકન નેત ક્ષેત્ર ભારતના ઉત્તર-પૂર્વ રાજ્યોની લાઈફલાઈન છે, કારણ કે આ ભાગ ભારતને પૂર્વોત્તર સાથે જોડે છે. આ કારણે સરહદ સુરક્ષાને અભૂતપૂર્વ સ્તરે મજબૂત કરવામાં આવી રહી છે. નવી ફેન્સિંગ ઉપરાંત સરહદ પર રિયલ-ટાઈમ લાઈવ ફીડ આપતી પૈન-ટિલ્ટ-ઝૂમ (PTZ) કેમેરા લગાવાયા છે, જેમાં ઘૂસણખોરીની માહિતી તાત્કાલીક મળી જશે.

બીએસએફએ ૨૦૨૫માં ૮.૫ કરોડ રૂપિયાના મૂલ્યના પશુઓ, સોનું, ચાંદી, વન્યજીવ ઉત્પાદન, હથિયારો, દારુગોળો અને અન્ય તસ્કરીના સામાન જપ્ત કર્યા હતા. આ સમયગાળામાં તસ્કર અને ટાઉટ્સ સહિત ૪૪૦ બાંગ્લાદેશી, ૧૫૨ ભારતીય અને ૧૧ અન્ય વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. આમાંથી ૧૮૭ બાંગ્લાદેશી નાગરિકોને જરૂરી કાયદાકીય પ્રક્રિયા પુરી કર્યા બાદ બાંગ્લાદેશને સોંપી દેવાયા હતા.

### મહેસાણામાં ચાઇનીઝ દોરીનો આતંક

# ચાઇનીઝ દોરીનો કહેર, બાઇક ચાલક યુવકને ૪૦ ટાંકા લેવાની પડી ફરજ

**તેનું ગળું ગંભીર રીતે કપાઇ ગયુ હતું. લોહીલુહાણ હાલતમાં યુવાનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો**

મહેસાણા,તા.૬

ઉત્તરાયણના તહેવારને થોડાંક દિવસનો જ સમય બાકી છે. ત્યાં મહેસાણામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીએ પોતાનો કહેર સામે આવ્યો છે. મહેસાણાના વ્યસ્ત ગણાતા રાધનપુર રોડ પર એક બાઈકચાલક આ જીવલેણ દોરીનો શિકાર બન્યો હતો. આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દીધી છે અને ચાઈનીઝ દોરીના વેચાણ સામે પણ ગંભીર સવાલો ઉભા થયા છે.મળતી માહિતી અનુસાર, એક યુવાન પોતાની બાઈક લઈને રાધનપુર રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે અચાનક હવામાં લટકતી જીવલેણ ચાઈનીઝ દોરી તેના ગળાના ભાગે આવી ગઈ. દોરી એટલી ધારદાર હતી કે બાઈક ઉભી રાખે તે પહેલાં જ તેનું ગળું ગંભીર રીતે કપાઈ ગયુ હતું. લોહીલુહાણ હાલતમાં યુવાનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ જણાવ્યું હતું કે ઘા ખૂબ જ ઊંડો હતો. યુવાનના ગળાના ભાગે ૪૦ જેટલા ટાંકા લેવા પડ્યા છે. સદનસીબે સમયસર સારવાર મળતા યુવાનનો જીવ બચી ગયો છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકાર અને વહીવટી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ અને વપરાશ પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં, બજારમાં તેનું છૂપી રીતે વેચાણ થઈ રહ્યું છે. લોકોની માંગ છે કે ચાઈનીઝ દોરી વેચનારા વેપારીઓ સામે કડક પોલીસ કાર્યવાહી કરવામાં આવે.

### માદુરોની ધરપકડ મુદ્દે UNમાં હોબાળો

# અમેરિકાનો બચાવઃ આ યુદ્ધ નથી, કાયદાનું પાલન છે

**વર્ષોથી પેન્ડિંગ રહેલા નાર્કો-ટેરરિઝ્મ અને ડ્રગ્સની હેરાફેરીના ગુનાહિત કેસો અંતર્ગત લેવાયેલું કાનૂની પગલું છે**

નવી દિલ્હી,તા.૦૬

વેનેઝુએલાના પૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોની અમેરિકન સેના દ્વારા કરાયેલી નાટકીય ધરપકડના પડઘા હવે સંયુક્ત રાષ્ટ્ર(UN)માં સંભળાયા છે. સોમવારે બોલાવવામાં આવેલી સુરક્ષા પરિષદની ઈમરજન્સી બેઠકમાં રશિયા, ચીન અને કોલંબિયા જેવા દેશોએ અમેરિકાની આ કાર્યવાહીની આકરી ટીકા કરી હતી, જ્યારે અમેરિકાએ આને 'યુદ્ધ' નહીં પણ 'કાયદેસરની કાર્યવાહી' ગણાવી હતી.અમેરિકન પ્રતિનિધિ માઈક વોલ્ટ્ઝે સુરક્ષા પરિષદમાં સ્પષ્ટતા કરતા કહ્યું કે, 'વેનેઝુએલા કે ત્યાંની જનતા વિરુદ્ધ કોઈ યુદ્ધ શરુ કરવામાં આવ્યું નથી. માદુરો વિરુદ્ધની આ કાર્યવાહી કોઈ સૈન્ય હુમલો નથી, પરંતુ વર્ષોથી પેન્ડિંગ રહેલા નાર્કો-ટેરરિઝ્મ અને ડ્રગ્સની હેરાફેરીના ગુનાહિત કેસો અંતર્ગત લેવાયેલું કાનૂની પગલું છે.' અમેરિકાએ આક્ષેપ કર્યો કે માદુરોએ લાખો અમેરિકન નાગરિકોના જીવ જોખમમાં મૂક્યા છે.

રશિયાએ આ ઘટનાને 'લોકતાંત્રિક રીતે ચૂંટાયેલા પ્રમુખનું અપહરણ' ગણાવ્યું છે. રશિયન રાજદૂત વેસિલી નેબેન્ઝિયાએ અમેરિકા પર પ્રહાર કરતા કહ્યું કે, 'આ કાર્યવાહી આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. અમેરિકા પોતાની જાતને દુનિયાના સુપ્રીમ જજ માને છે, જે ગમે ત્યારે કોઈ પણ દેશમાં ઘૂસી શકે છે.' રશિયાએ માદુરો અને તેમની પત્નીની તાત્કાલિક મુક્તિની માંગ કરી છે.

ચીને પણ આ મામલે અમેરિકાને ઘેર્યું છે. ચીનના પ્રતિનિધિએ આ કાર્યવાહીને 'ધમકાવવા અને દાદાગીરી કરવા જેવો વ્યવહાર' ગણાવ્યો હતો. ચીને ચેતવણી આપી કે કોઈ પણ દેશ 'દુનિયાની પોલીસ' બની શકે નહીં અને સાર્વભૌમ દેશોની સીમાઓનું સન્માન થવું જોઈએ.

આ ઈમરજન્સી બેઠક બોલાવવાની વિનંતી કરનાર કોલંબિયાએ પણ અમેરિકાના પગલાની ટીકા કરી છે. કોલંબિયાના રાજદૂત લિયોનોર ઝલાબાતા ટોરેસે જણાવ્યું હતું કે, 'લોકશાહીને બચાવવાના નામે હિંસા અને સૈન્ય બળનો ઉપયોગ અસ્વીકાર્ય છે. આ કાર્યવાહીથી સમગ્ર લેટિન અમેરિકામાં અસ્થિરતાનો ભય પેદા થયો છે.'

યુએન ચીફ એન્ટોનિયો ગુટેરેસે આ કાર્યવાહીને એક 'ખતરનાક ઉદાહરણ' ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, 'જો આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સન્માન કરવામાં નહીં આવે, તો ભવિષ્યમાં વિશ્વ વ્યવસ્થા જોખમમાં મુકાઈ શકે છે.'

### સોમનાથ સ્વાભિમાન યાત્રા ઉજવણી

# સોમનાથના આંગણે સ્વાભિમાનનો શંખનાદ

**૮ થી ૧૧ જાન્યુઆરી વચ્ચે યોજાનારા સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્ય ઉજવણીને લઇને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે**

ગીરસોમનાથ,તા.૦૬

પ્રભાસ પાટણની પવિત્ર ભૂમિ સોમનાથ ખાતે આગામી ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સ્વાભિમાન પર્વની અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવશે. આ મહોત્સવને સફળ બનાવવા માટે ગુજરાતના મંત્રી હર્ષ સંઘવીએ જાતે જ સદભાવના ગ્રાઉન્ડ અને અન્ય સ્થળોની મુલાકાત લઈ સુરક્ષા અને વ્યવસ્થાની સમીક્ષા કરી છે.

ઐતિહાસિક રોડ-શો અને સ્વાભિમાન યાત્રા આ કાર્યક્રમનું સૌથી મોટું આકર્ષણ હશે. સોમનાથના ઈતિહાસમાં પ્રથમ વખત વડાપ્રધાન ૧૦૮ અશ્વોના શાહી કાફલા સાથે 'સ્વાભિમાન યાત્રા' યોજશે, જે સોમનાથ મંદિરથી સદભાવના ગ્રાઉન્ડ સુધી નીકળશે. ૧૦ જાન્યુઆરીની સાંજે વડાપ્રધાન સોમનાથ પહોંચશે, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.૧૧ જાન્યુઆરીએ વહેલી સવારે સોમનાથ દાદાને જળાભિષેક, ધ્વજાપૂજા અને સોમેશ્વર મહાપૂજા કરશેસોમનાથ કોરિડોર વડાપ્રધાનની આ મુલાકાત માત્ર ધાર્મિક જ નહીં પણ વિકાસની દ્રષ્ટિએ પણ મહત્વની છે. સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠકમાં 'સોમનાથ કોરિડોર પ્રોજેક્ટ' પર મોટો નિર્ણય લેવાય તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટની ફાઈનલ ડિઝાઈન પર મંજૂરીની મહોર વાગી શકે છે, જે સોમનાથના કાયાકલ્પમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત અને ધાર્મિક વિધિ આ કાર્યક્રમને પગલે સમગ્ર સોમનાથમાં ૩૫૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરી લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૧૧ જાન્યુઆરીની વહેલી સવારે વડાપ્રધાન સોમનાથ મહાદેવના ચરણે શીશ નમાવશે. તેઓ પરંપરાગત રીતે જળાભિષેક, ધ્વજાપૂજા અને સોમેશ્વર મહાપૂજા કરી રાષ્ટ્રની સુખાકારી માટે પ્રાર્થના કરશે. ત્યારબાદ સદભાવના ગ્રાઉન્ડ ખાતેથી તેઓ જંગી જનમેદનીને સંબોધશે.

### મેટાની નવી પોલિસીથી યુઝર્સ પરેશાન

# FB-ઈન્સ્ટા પર તમારી દરેક હરકત પર નજર રાખશે AI!

**યુઝર્સ હવે AIને ટ્રાવેલ, ફૂડ અથવા તો કોઈ પણ વિષય પર સવાલ પૂછશે તો યુઝર્સને એ વિશેની એડ્સ જોવા મળવાની શરૂ થઈ જશે**

નવી દિલ્હી, તા.૬

મેટાની નવી પોલિસીને લઈને સોશિયલ મીડિયા યુઝર્સ પરેશાન થઈ રહ્યાં છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને થ્રેડ્સના યુઝર્સને હવે એક ડર લાગી રહ્યો છે કે કંપની દ્વારા હવે AIની મદદથી તેમના પર નજર રાખવામાં આવી રહી છે. પહેલાં કરતા વધુ નજર રાખવાનું પ્લાનિંગ હવે મેટા AIની મદદથી કરી રહી છે. મેટાનું કહેવું છે કે AIની મદદથી યુઝર્સ તેમની ઈચ્છાની એડ્સ જોઈ શકશે, પરંતુ એક્સપર્ટ દ્વારા એને ખતરાની ઘંટી ગણવામાં આવી રહી છે.મેટા હવે AIની મદદથી એડ્સનો બિઝનેસ કરી રહ્યું છે. આ કોઈ નાનો બદલાવ નથી. એના કારણે મેટા કંપની તેમની દરેક પ્રોડક્ટમાં હવે પહેલાં કરતાં AIનો ઉપયોગ વધુ કરશે. આ AI હવે વધુ બારિકાઈથી યુઝર્સના ઉપયોગ પર ધ્યાન રાખશે જેના કારણે તેમને એડ્સ કઈ દેખાડવી એ નક્કી કરી શકાય.અત્યાર સુધી યુઝર્સની પર્સનલ માહિતીને ડેટા ગણવામાં આવતાં હતાં. જોકે AI આવવાથી હવે એ યુઝર્સની લાઈકથી લઈને સર્ચ અને કઈ પોસ્ટ જોવામાં આવે છે અને મેટા AI સાથે શું વાતચીત કરવામાં આવે છે એ દરેક બાબત પર ધ્યાન રાખવામાં આવશે. આથી યુઝર્સના મેસેજ, એમાં થતી વાતચીત અને એમાં ઉપયોગમાં લેવામાં આવતાં કીવર્ડ વગેરે માહિતી એલ્ગોરિધમ સુધી પહોંચી શકે છે. મેટા કંપની દ્વારા એ દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમના દ્વારા મેસેજને માણસ જે રીતે વાંચે છે એ રીતે વાંચવામાં નથી આવતાં. જોકે એક્સપર્ટ દ્વારા યુઝર્સને ચેતવી દેવામાં આવ્યાં છે કે તમે જે વાત કરશો એના આધારે પણ તમને એડ્સ દેખાડવામાં આવી શકે છે.મેટા AI સંપૂર્ણ રીતે વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકમાં કાર્યરત છે. જો યુઝર્સ હવે AIને ટ્રાવેલ, ફૂડ અથવા તો કોઈ પણ વિષય પર સવાલ પૂછશે તો યુઝર્સને એ વિશેની એડ્સ જોવા મળવાની શરૂ થઈ જશે. કંપનીનું કહેવું છે કે એની મદદથી યુઝર્સને કોઈ પણ એડ્સ દેખાડવા કરતાં તેમની પસંદગીની એડ્સ જોવા મળશે જેથી યુઝર્સને પણ કંટાળો નહીં આવે.

### અમે પહેલા તેમની અર્થવ્યવસ્થા ઠીક કરીશું: ટ્રમ્પ

# વેનેઝુએલા સાથે યુદ્ધ નહીં કરે અમેરિકાઃ ટ્રમ્પની જાહેરાત

**ચૂંટણી પહેલા દેશને સ્થિર કરવો અને ત્યાંની ભાંગી પડેલી વ્યવસ્થાને ફરી બેઠી કરવી પ્રાથમિકતા છે**

નવી દિલ્હી,તા.૦૬

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાની સ્થિતિ અંગે અત્યંત મહત્ત્વનું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા વેનેઝુએલા સાથે કોઈ યુદ્ધમાં નથી, પરંતુ ત્યાં અત્યારે તાત્કાલિક ચૂંટણી કરાવવાનું કોઈ દબાણ પણ કરવામાં આવશે નહીં. ટ્રમ્પના મતે, ચૂંટણી પહેલા દેશને સ્થિર કરવો અને ત્યાંની ભાંગી પડેલી વ્યવસ્થાને ફરી બેઠી કરવી પ્રાથમિકતા છે.



એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે આગામી ૩૦ દિવસમાં વેનેઝુએલામાં ચૂંટણી શક્ય નથી. તેમણે કહ્યું, 'અમારે પહેલા દેશને ઠીક કરવો પડશે. જો લોકો વોટ આપી શકવાની સ્થિતિમાં જ ન હોય, તો ચૂંટણી કેવી રીતે કરાવી શકાય? અત્યારે અમેરિકાનું પૂરું ધ્યાન ત્યાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવા પર છે.'ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે એક મહત્વાકાંક્ષી આર્થિક યોજના રજૂ કરી છે, જેમાં અમેરિકન તેલ કંપનીઓની ભૂમિકા અત્યંત નિર્ણાયક રહેશે. આ પ્લાન મુજબ, વેનેઝુએલાના ભાંગી પડેલા એનર્જી સેક્ટરને ફરીથી કાર્યરત કરવાની જવાબદારી અમેરિકન કંપનીઓ સંભાળશે, જેનાથી દેશના આર્થિક પુનરુત્થાનને વેગ મળશે. ટ્રમ્પનો અંદાજ છે કે આ સમગ્ર પ્રક્રિયા ૧૮ મહિનાથી પણ ઓછા સમયમાં પૂર્ણ કરી શકાય તેમ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ પ્રોજેક્ટ માટેનો પ્રારંભિક ખર્ચ તેલ કંપનીઓ પોતે જ ભોગવશે અને ત્યારબાદ તેલના વેચાણમાંથી થતી આવક દ્વારા તેઓ પોતાની લાગત વસૂલ કરી શકશે.

અમેરિકા વેનેઝુએલા સાથે યુદ્ધમાં હોવાના દાવાઓને ફગાવતા ટ્રમ્પે આક્રમક અંદાજમાં કહ્યું કે, 'અમે એ લોકો સામે યુદ્ધમાં છીએ જેઓ ડ્રગ્સ વેચે છે અને પોતાની જેલો ખાલી કરીને ડ્રગ એડિક્ટ્સ તથા માનસિક દર્દીઓને અમેરિકામાં મોકલી દે છે. વેનેઝુએલાની આ હાલતના જવાબદાર ત્યાંનું જૂનું નેતૃત્વ છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'વિદેશ મંત્રી માર્કો રુબિયો વેનેઝુએલાના નેતૃત્વ સાથે સતત સંપર્કમાં છે. જો સહયોગ તૂટશે તો અમેરિકા બીજી સૈન્ય કાર્યવાહી માટે પણ તૈયાર છે, જોકે તેમણે આશા વ્યક્ત કરી હતી કે તેની જરૂર નહીં પડે.

નોંધનીય છે કે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની કારાકાસમાં અમેરિકી કાર્યવાહી દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અને અત્યારે તેમની સામે ન્યૂયોર્કમાં નશીલા પદાર્થોની તસ્કરીના ગંભીર આરોપો હેઠળ કેસ ચાલી રહ્યો છે. ટ્રમ્પે જણાવ્યું કે રોડ્રિગ્ઝ અત્યારે અમેરિકન અધિકારીઓને સહયોગ આપી રહ્યા છે.

### સુરત પાલિકા તંત્ર હવામાં પ્રદુષણ અટકાવવા માટે પગલાં ભરે છે

# પાલિકાના રસ્તા બનાવવાની કામગીરી દરમિયાન નખાતુ મટીરીયલ્સ લોકો માટે આફત

**ગ્રીન નેટ સહિતની ગાઈડ લાઈન નો અમલ ન કરતી બાંધકામ સાઈટને દંડ કરી રહી છે**

સુરત,તા.૬

દેશના દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં વાયુ પ્રદૂષણની માત્રામાં અધધ વધારો થતા સુરત પાલિકાએ બાંધકામ સાઈટ માટે ગાઈડલાઈન જાહેર કરી હતી જેમાં ગ્રીન નેટ સહિતની ગાઈડ લાઈન નો અમલ ન કરતી બાંધકામ સાઈટને દંડ કરી રહી છે. પરંતુ બીજી તરફ સુરત પાલિકા વિસ્તારમાં અનેક જગ્યાએ રોડ બની રહ્યાં છે અને રોડ બન્યા બાદ ડામર રોડ પર જે ઝીણું મટીરીયલ્સ નાખવામાં આવે છે તે જાહેર રસ્તા પર દિવસો સુધી ઉડે છે અને તેના કારણે પ્રદુષણની માત્રામાં તો વધારો થાય જ છે સાથે લોકોના સ્વાસ્થ્ય પર પણ માઠી અસર પડે છે.

જો બાંધકામ કરનારી સાઈડ પ્રદુષણ કરે તો દંડ કરવામાં આવે છે પરંતુ પાલિકાના રોડના કોન્ટ્રાક્ટર હવામાં પ્રદૂષણ ફેલાવે છે તેમને છૂટ આપવામાં આવી છે ? તેવી ચર્ચા લોકો કરી રહ્યાં છે.

સુરત પાલિકા તંત્ર હવામાં પ્રદુષણ અટકાવવા માટે પગલાં ભરે છે પરંતુ એકને ગોળ અને એકને ખોળ નીતિ અપનાવતું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

સુરત પાલિકા વિસ્તારમાં બાંધકામ સાઈટ પર ગ્રીન નેટ સહિતની ગાઈડ લાઈન નો અમલ ન કરનારા બિલ્ડર- ડેવલપર્સ પાસે ત્રણ મહિનામાં ૭૦ લાખનો દંડ વસુલ કર્યો છે. બિલ્ડર પાસે દંડ વસુલ કર્યો તેનો કોઈ વિરોધ નથી કરતું પરંતુ બીજી તરફ રોડ બનાવતા પાલિકાના કોન્ટ્રાક્ટરો જે રીતે હવામાં પ્રદુષણ ફેલાવી રહ્યાં છે તેની સામે કોઈ કાર્યવાહી ન થતાં પાલિકાની પ્રદૂષણ અટકાવવાની કામગીરી માટે બેવડા ધોરણ હોવાના આક્ષેપ થઈ રહ્યાં છે.

સુરત પાલિકાના તમામ ઝોનમાં હાલ રસ્તા બનાવવાની કામગીરી ચાલી રહી છે પરંતુ આ કામગીરી હવા પ્રદૂષણ, લોકોના આરોગ્ય સામે જોખમ હોવા સાથે સાથે ટુ વ્હીલર ચાલકો માટે પણ જોખમી બની રહી છે. પાલિકાના કોન્ટ્રાક્ટર રોડ બનાવે છે ત્યાર બાદ ડામર રોડ બન્યો હોય તે પછી તરફ ઝીણું મટીરીયલ્સ (ચીપ્સ, ધૂળ અને કંકર) પાથરવામાં આવે છે, તે દિવસો સુધી સાફ ન થવાને કારણે ભારે ધૂળ ઉડતી રહે છે. આ કારણે વાહન ચાલકો અને આસપાસ રહેતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા અને એલર્જીની ફરિયાદો વધી રહી છે. એટલું જ નહીં પરંતુ આ મટીરીયલ્સના કારણે ટુ વ્હીલર ચાલકોને વાહનો સ્લીપ થવાના બનાવો પણ સામે આવી રહ્યા છે, જેના કારણે અકસ્માતની ભીતિ પણ રહેલી છે. જો બાંધકામ સાઈટ પર ધૂળ ઉડે તો પાલિકા દંડ ફટકારતી હોય તો પાલિકાના રોડના કોન્ટ્રાક્ટર દ્વારા રોડ બન્યા બાદ દિવસો સુધી ઝીણું મટીરીયલ્સ ન હટાવી લોકો માટે જોખમ ઉભુ કરી રહ્યાં છે તેવા પાલિકાના કોન્ટ્રાક્ટર સામે કેમ કોઈ પગલાં ભરવામાં આવતા નથી. હવે જોવાનું રહ્યું કે પાલિકા પ્રદૂષણ અને નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખીને ક્યારે અને કેવી રીતે પગલાં ભરે છે, કે પછી પ્રદૂષણ અટકાવવાના નિયમો માત્ર કાગળ પર જ સીમિત રહી જશે તે તો સમય જ બતાવશે.

# અમરેલી : ગજેરા કેમ્પસ વિધાસભા સંકુલનાં ખેલાડીઓને હેન્ડબોલ સ્પર્ધામાં સુવર્ણ પદક






તારીખ : ૧૬ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ખેલ મહાકુંભ ૨૦૨૫ સૌરાષ્ટ્ર ઝોન યુ–૧૪ બહેનો હેન્ડબોલ સ્પર્ધા નું આયોજન સોમનાથ, ગુજરાત મુકામે થયું હતું, જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૬ ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં અમરેલી જિલ્લાની ટીમમાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના (DLSS) ખેલાડી ।–૧૪ બહેનોની ટીમોએ ભાગ લીધો. જેમાં ૧) ગોસાઈ ભકિત, ૨) શેખ નયના, ૩) જાદવ નિરાલી, ૪) મકવાણા અક્ષરા, ૫ સોલંકી કૃપા, ૬) ડાભી સાક્ષી, ૭) તમગડિયા માનસી, ૮) મકવાણા દ્રષ્ટિ, ૯) તાવિયા દ્રષ્ટિ ૧૦) મકવાણા પૂજા, ૧૧) વેગડ રિદ્ધિ, ૧૨) કાગડિયા ધ્યાની હેન્ડબોલ ટીમે સુવર્ણ પદક પ્રાપ્ત કરી સિધ્ધી હાંસલ કરેલ છે. અને ૧૮ થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ખેલ મહાકુંભ ૨૦૨૫ સૌરાષ્ટ્ર ઝોન ઓપન એજ બહેનો હેન્ડબોલ સ્પર્ધા નું આયોજન સોમનાથ, ગુજરાત મુકામે થયું હતું, જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૪ ટીમોએ ભાગ લીધેલ હતો જેમાં અમરેલી જિલ્લાની ટીમમાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના (DLSS) ખેલાડી ઓપન એજ બહેનોની ટીમોએ ભાગ લીધો. જેમાં ૧) વેગડ મીના, ૨) સોલંકી ઋષિતા, ૩) જાની હેમાંગી, ૪) બારૈયા નિધિ, ૫) મેર કિરણ, ૬) મકવાણા જેનીશા, ૭) પરમાર ક્રિષ્ના, ૮) બલદાણીયા હિરલ,હેન્ડબોલ ટીમે સુવર્ણ પદક પ્રાપ્ત કરી સિધ્ધી હાંસલ કરેલ છે. શાળા પરિવાર અને તેમજ અમરેલી જિલ્લાનું નામ સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂં પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ, તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### બારડોલી ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરી

## પ્રદેશ ભાજપ કિસાન મોરચાના નવનિયુક્ત પ્રમુખ હિરેન હીરપરાએ કાર્યભાર સંભાળ્યો

### ખેડૂતોનાં હિતમાં કાર્ય કરવાનો સંકલ્પ લીધો



અમરેલી, તા. ૬

ભાજપા પ્રદેશ મીડિયા વિભાગની યાદી જણાવે છે કે, ભાજપા કિસાન મોરચાના નવનિયુકત અધ્યક્ષ હિરેન હિરપરાએ સત્યાગ્રહ આશ્રમ બારડોલી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીના માર્ગદર્શનમાં ભાજપા કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ તરીકેના દાયિત્વના ગણેશ કર્યા. આ તબક્કે હિરન હિરપરાએ ખેડૂત હિતની વિચારધારાને ચરિતાર્થ કરવા સંકલ્પ વ્યકત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ૧૯૨૬માં તત્કાલિન અંગ્રેજ સરકારે ખેડૂતો પર વધારેલા કરવેરાના વિરોધમાં આદરણીય સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતોએ આંદોલન કર્યુ હતું અને તેમાં ખેડૂતોના વિજય બાદ સરદાર વલ્લભભાઈ પટેલને ''સરદાર''નું બિરૂદ આપવામાં આવ્યું હતું.

આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્રની ભાજપા સરકાર તેમજ રાજયમાં આદરણીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વની ભાજપા સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં લેવાયેલા વિવિધ નિર્ણયો તેમજ કૃષિલક્ષી યોજનાઓની માહિતી ખેડૂતો સુધી સુચારૂ રૂપે પહોંચે અને ગુજરાતના ખેડૂતો હજુ વધુ સમૃદ્ધ અને સક્ષમ બને તે માટે ભાજપા કિસાન મોરચા દ્વારા ખેડૂતોના હિતલક્ષી વિવિધ કાર્યક્રમોનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં ગુજરાત રાજયમાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા આર્થિક નુકશાનની ભરપાઈ કરવા માટે તેમજ ખેડૂતો પરનો આર્થિક બોજો હળવો કરવા ભાજપ સરકારે જે રીતે ઐતિહાસિક નિર્ણય કરી ૧૦ હજાર કરોડનું આર્થિક સહાય પેકેજ જાહેર કર્યુ છે તે નિર્ણય બદલ પણ હિરેન હિરપરાએ રાજયની ભાજપા સરકારનો આભાર વ્યકત કર્યો અને જણાવ્યું કે, આગામી સમયમાં પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીના માર્ગદર્શન હેઠળ ભાજપા કિસાન મોરચા દ્વારા ખેડૂત હિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

### સરપંચે રાજય ઉર્જામંત્રીને પત્ર પાઠવ્યો

## દેવભૂમિ દેવળીયાનાં આરોગ્ય સબ સેન્ટરમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની જગ્યા મંજૂર કરો

### જનઆરોગ્યનાં હિતમાં નિર્ણય કરવો જરૂરી

અમરેલી, તા. ૬

દેવભૂમિ દેવળીયા ગામે આશરે ૩૦૦૦થી વધારે વસ્તી ધરાવતું ગામ છે. જેમાં ૭૦% થી વધુ મજૂરો વર્ગનાં મજૂરી કરતા લોકો વસવાટ કરે છે. તાજેતરમાં સરકાર ધ્વારા નવું આરોગ્ય સબ સેન્ટરનું બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે અને અમારા કરતા ઓછી વસ્તીના ગામનો પણ સીએચઓ (કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની જગ્યાઓ મંજૂર કરેલ છે.) એવી જ રીતે આ ગામની વસ્તીને ધ્યાને લઈ તાત્કાલીન કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની નિમણૂંક કરવા સબંધિત વિભાગને કાર્યવાહી કરવા સરપંચ ભાવનાબેન સુખડીયાએ ઉર્જામંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

## વીજપડી ગામમાં બે વરસથી પાણીપત્રક નહી થતાં ખેડૂતો પરેશાન

વીજપડી, તા. ૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામના બે વરસથી પાણીપત્રક કાર્યવાહી નહીં થવાથી ખેડૂતોને બેંકમાં લોન મેળવવા આપવા સારૂ તાલુકા મથકેથી તલાટી કમ મંત્રી પાસે દાખલા મેળવવા ધકકા ખાવા પડે છે.

અગાઉનાં વર્ષોમાં પણ પાણી પત્રક ત્રણ વરસ સુધી થયેલ નહી અને તાલુકા મથકે રજૂઆત કરવા બાદ પાણી પત્રક થવામાં આવેલ છે.

આ બાબતે તાલુકાનાં પ્રતિનિધિ ધારાસભ્ય ધ્વારા નોંધ લઈ તાકીદે કાર્યવાહી થવા ખેડૂતો વતી અમાનઅલી રસભર્યા વીજપડીની તંત્ર પાસે અને પ્રતિનિધિ ધારાસભ્ય સમક્ષ માંગ છે.

## ધારીમાં દામાણી પરિવાર દ્વારા પ્રાથમિક શાળાના નિર્માણ માટે ભૂમિપૂજન




અમરેલી, તા. ૬

ગુજરાતી સંસ્કૃતિમાં 'દાન'નું વિશેષ મહત્વ છે, અને તેમાં પણ ખાસ ' શિક્ષણ દાન'ને સર્વોપરી માનવામાં આવે છે. જયારે કોઈ વ્યકિત પોતાની સંપત્તિ, સમય કે જ્ઞાનનો ઉપયોગ સમાજમાં શિક્ષણના પ્રસાર માટે કરે છે, ત્યારે તેમને 'શિક્ષણ દાનવીર' કહેવામાં આવે છે.


ધારીના ભામાશા અને મૂળ ધારીના વતની રમેશભાઈ દામાણી દ્વારા ધારી શહેરની મધ્યમાં આવેલ પ્લોટ શાળ ાને અતિઆધુનિક બનાવવામાં માટે સ્થળ જ પર ભૂમિપૂજન કરવામાં આવ્યું.

એમ્પોથી ફાઉન્ડેશનના સીઈઓ સુંદરન ઈન્શ્વરન અને તેમની ટીમ બ્રિજ કન્સ્ટ્રશનના માલિક કાળુભાઈ લીંબાસીયા દ્વારા પ્લોટ પ્રાથમિક શાળાનું બિલ્ડિંગ નવનિર્માણ પામશે. ધારીના દાતા રમેશભાઈ દામાણી દ્વારા સુખ્યાત જી.એન. દામાણી હાઈસ્કુલ તથા એસ.એન. દામાણી પ્રાથમિક શાળાનું અધ્યતન બિલ્ડિંગ અગાઉ બનાવી આપેલ છે. જેમાં પ્રાથમિક હાઈસ્કુલના કુલ ૧૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શિક્ષણ ક્ષેત્રે આવા ઉમદા કાર્યમાં દાન આપી ધારીના મધ્યમ વર્ગના બાળકોને સારા વાતાવરણમાં શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે એવું અદ્દ્ભુત કામ દામાણી પરિવારે કરી આપ્યું છે. આજના આ ભૂમિપૂજન કાર્યક્રમમાં ધાર્મિક વિધિ અનુસાર સુંદર કાર્યક્રમ શરૂ થયો જેમાં જૈન અગ્રણી ભરતભાઈ શેઠ, નલીનભાઈ બજરીયા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, મહિલા કોલેજના આચાર્ય રાજુભાઈ દવે, જી.એન. દામાણી હાઈસ્કુલ પ્રિન્સિપાલ માનસિંહ બારડ, એસ.એન. દામાણી આચાર્ય અતુલભાઈ સલખના, પ્લોટ શાળાનો સમગ્ર સ્ટાફ, ધારીના અગ્રગણ્ય લોકો, સારસ્વત મિત્રો, વાલી ગણ તેમજ ઉપસ્થિતિમાં ખૂબ ઉમદા કાર્યની શરૂઆત કરવામાં આવી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાએ મુખ્યમંત્રીને કરી રજુઆત

## બાબરાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રને ૭૫ વોર્ડની હોસ્પિટલનો દરજ્જો આપવા માંગ

### મહત્વનાં તાલુકા મથકની આરોગ્ય સુવિધામાં વધારો જરૂરી

અમરેલી, તા. ૬

બાબરા શહેર તેમજ આસપાસના વિસ્તારોની આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા હેતુસર ધારાસભ્ય જનક તળાવીયાએ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરાને ૭૫ બેડની હોસ્પિટલનો દરજ્જો આપવા અંગે વિસ્તૃત રજુઆત કરી હતી.

બાબરા તાલુકો અને તેની આસપાસના અનેક ગામોની મોટી વસતી હાલમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરા પર આધારિત છે. હાલની બેડ ક્ષમતા અને ઉપલબ્ધ સુવિધાઓ વધતી વસ્તી અને દર્દીઓના પ્રમાણની સરખામણીએ અપૂરી સાબિત થઈ રહી છે. ગંભીર પ્રકારના રોગો, અકસ્માતના કેસો તેમજ માતા–શિશુ આરોગ્ય સેવાઓ માટે દર્દીઓને અમરેલી, ભાવનગર કે રાજકોટ જેવા શહેરોમાં રેફર કરવા પડે છે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થાય છે અને ક્યારેક દર્દીના જીવ પર જોખમ પણ ઊભું થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું કે જો સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરાને ૭૫ બેડની હોસ્પિટલનો દરજ્જો આપવામાં આવે તો આધુનિક તબીબી સાધનો, વિશેષજ્ઞ ડાક્ટરો, પૂરતો નર્સિંગ સ્ટાફ તથા ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ થઈ શકશે. આથી સ્થાનિક લોકોને પોતાના વિસ્તારમાં જ ગુણવત્તાસભર સારવાર મળી રહેશે અને ગ્રામ્ય વિસ્તારના ગરીબ તથા મપ્રયમ વર્ગના દર્દીઓને મોટી રાહત મળશે.

ધારાસભ્ય જનક તળાવીયાએ આ પણ જણાવ્યું હતું કે બાબરા વિસ્તાર ખેતીપ્રધાન અને ઉદ્યોગો ધરાવતો વિસ્તાર છે, જયાં અકસ્માતો તથા ઋતુઆધારિત રોગોના કેસો વધુ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં ૭૫ બેડની હોસ્પિટલ અત્યંત જરૂરી બની છે, જે વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પણ મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

મુખ્યમંત્રીએ ધારાસભ્યની રજુઆતને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ યોગ્ય તપાસ બાદ સકારાત્મક નિર્ણય લેવાની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે રાજય સરકાર જનતા માટે વધુ સારી અને સુલભ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા પ્રતિબદ્ધ છે અને ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય માળખું મજબૂત બનાવવા સતત પ્રયાસ કરી રહી છે.

આ રજુઆતથી બાબરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં આનંદ અને આશા વ્યકત થઈ છે.

### લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા

## અમરેલી ખાતે ચીલ્ડ્રન હોમ ખાતે બાળકોને પોષ્ટીક નાસ્તો અપાયો

### લા. પ્રમુખ ભટ્ટ સહિતનાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૬

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનના માધ્યમથી સરકારી ચિલ્ડ્રન હોમ ખાતે તા. ૫/૧/૨૬ના રોજ નનુભાઈ તળાવીયાના સૌજન્યથી આશરે ૪૩ જેટલા બાળકોને પૌષ્ટીક નાસ્તો આપવામાં આવેલ. આ એક સેવાકીય અને પ્રશંસનીય કાર્ય છે. આ તકે પ્રમુખ બકુલ ભટ્ટ, સેક્રેટરી રજની ધોરાજીયા, નનુભાઈ તળાવીયા, મેહુલ બાબરીયા, વિજય રાદડીયા તથા ચિલ્ડ્રન હોમના અધિકારી શ્રેયસ જોષી તથા અન્ય સ્ટાફ ઉપસ્થિત રહેલ તેમ રાજુભાઈ પરિખ જણાવે છે.

# ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે સંગઠાત્મક બેઠક યોજાઈ






ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય 'કમલમ્' ખાતે બેઠક યોજાઈ હતી જેમાં વિવિધ સંગઠનાત્મક વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રીઓ ડો. પ્રશાંતભાઈ કોરાટ, અજયભાઈ બ્રહ્મભટ્ટ, અનિરુદ્ધભાઈ દવે, હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ પંડ્યા, પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો.અનિલભાઈ પટેલ, રાજય સરકારમાં પૂર્વ મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઇ.કે. જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, પૂર્વ મહામંત્રી કે.સી. પટેલ સહિત પ્રદેશ પદાધિકારીઓ અને આગેવાનઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમરેલીમાં રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલા દ્વારા આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ










વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સાંસ્કૃતિક જાગૃતિના આહવાનને સાર્થક રૂપ આપતા, અમરેલી જિલ્લાના વતની અને રાજકોટના સાંસદ, પરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી અમરેલી જિલ્લામાં સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૬માં કુલ ૩૨૮૭ સ્પર્ધકોએ ભાગ લઈ રેકોર્ડ સર્જયો છે. નૂતન મિડલ સ્કૂલ, અમરેલી ખાતે આયોજિત આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે ઈફકો, એન.સી.યુ.આઈ. તથા ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મદદ ટ્રસ્ટ, અમરેલી વતી અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયાએ સૌનું સ્વાગત કર્યુ હતું. આ સ્પર્ધામાં અમરેલી જિલ્લાના યુવા કલાકારોમાં રહેલી સુપ્ત પ્રતિભાને બહાર લાવવા માટે કુલ ૨૦ વિવિધ સ્પર્ધાઓનું આયોજન ત્રણ વય જૂથમાં (૮ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૯ વર્ષ અને ૩૦ વર્ષથી ઉપર) કરવામાં આવ્યું હતું. રાસ, ગરબા, લોકગીત, ભજન, શાસ્ત્રીય નૃત્ય, લોકવાદ્ય, સુગમ સંગીત, ફટાણા સહિતની વિવિધ કલાઓમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. ખાસ કરીને ફટાણા સ્પર્ધાનું પ્રથમ વખત સ્વતંત્ર આયોજન કરવામાં આવ્યું હતું. ફટાણાની સ્પર્ધામાં ૧૩૨ સ્પર્ધકોએ નોંધણી કરાવી હતી. રાજકોટના સાંસદ, પરશોત્તમભાઈ રૂપાલાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આ સાંસ્કૃતિક સ્પર્ધા માત્ર એક વ્યકિતની નહીં પરંતુ સમગ્ર અમરેલી જિલ્લાની સ્પર્ધા છે. જિલ્લાના કલાકારોની કલાને આગળ વધારવી અને સાંસ્કૃતિક વારસાને સંવર્ધિત કરવું એ સૌની સામૂહિક જવાબદારી છે. આગામી વર્ષોથી આ સ્પર્ધાને ''અમરેલી જિલ્લા સાંસ્કૃતિક સ્પર્ધા'' તરીકે વધુ વ્યાપક સ્વરૂપે આયોજિત કરવાની પણ તેમણે ભાવના વ્યકત કરી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા આવાગમન ખર્ચ આપવામાં આવ્યો હતો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સ્પર્ધકોને સાવકુંડલા–લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના બાળ વિજેતાઓને આગામી દિવસોમાં શિવરાત્રિમાં ઈરીયા મુકામે યોજાતા લોકડાયરામાં મંચ આપવામાં આવશે. સ્પર્ધામાં દિલિપભાઈ સંઘાણી, સ્પર્ધાના પરામર્શક ડો. કેતન કાનપરીયા, જિલ્લા યુવાવિકાસ અધિકારી વિક્રમસિંહ પરમારનું સન્મન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પોલીસ અધિક્ષક સંજય ખરાત, શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ પરમાર, સ્પર્ધાના પરામર્શક ડો. કેતન કાનપરિયા તેમજ વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો, નિર્ણાયકઓ, સ્પર્ધકો અને પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવા માટે આયોજક ટીમ, નિર્ણાયકઓ અને સહયોગી સંસ્થાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું
## પોસ્ટલ સોસાયટીમાં દીપડાએ દેખા દીધી

સોસાયટીમાં ઘુસી ગયો હતો અને ત્યાં તેમણે ાનનો શિકાર કર્યા હોવાનું તથા ત્યાં જ નજીકમાં આવેલ અખાડા આજુબાજુ પણ દીપડાએ દેખા દીધી હોવાંનુ લોકો જણાવી રહયાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી શહેરમાં છેલ્લા ઘણા જ સમયથી છાશવારે દીપડાના આંટાફેરા થતાં હોવા અંગેના સમાચાર મળી રહયાં છે. ત્યારે અમરેલી શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસનાં દીપડા અંગેના સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા સમાચારથી શહેરીજનોમાં ભય પ્રસરી જવાં પામેલ છે.

અમરેલીમાં દીપડાના આંટાફેરા થતાં હોય ત્યારે કોઈ બાળક, વૃધ્ધ અથવા કોઈ પશુને નુકસાન પહોંચાડે તે પહેલાં જ આવા વન્ય પ્રાણીઓને તાત્કાલિક પીંજરે પુરાવા વન વિભાગ કાર્યવાહી કરે તેવી પણ માંગ ઉભી થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયની શાળાઓમાં

આંત્તરરાષ્ટ્રીય સ્તરે બનતી ઘટનાઓથી વિદ્યાર્થી માહિતગાર રહે તે હેતુથી દરેક સ્કૂલે બે સમાચારપત્રો મંગાવવાનાં રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ વધે તે માટે દરરોજ વર્તમાનપત્રોમાં છપાયેલા નવા પાંચ શબ્દોની વિદ્યાર્થીઓને સમાજ અપાશે.

જયારે વિદ્યાર્થીઓમાં પાઠયપુસ્તકો સિવાયનું ઈતર વાંચન કરવાની ટેવ ઘટતી જાય છે ત્યારે આ વિચારનો ગુજરાતમાં પણ અમલ કરવા જેવો છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ચોરીનાં આરોપીઓ ઝડપાયા

ચૌદ જેટલી ચોરીઓનો ભેદ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ ઉકેલી નાંખી આરોપીને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ બગસરા પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડાના માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ ઘરફોડ ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા માટે સી.સી.ટી.વી. કેમેરાની મદદથી સઘન તપાસ કરી સંદિગ્ધ વ્યકિતઓની ખાનગી રાહે તપાસ ચલાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી ચોક્કસ બાતમી મેળવી વડીયા તાલુકાના સનાળી ગામે રહેતાં હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા તથા જસદણ તાલુકાના સોમલપર ગામે રહેતાં રોહિત કવુભાઈ જખાનીયા નામના બે ઈસમોને કોડીનાર પાસેથી પકડી પાડી ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ નં. જી.જે.–૦૫ એલસી–૩૦૩૮ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા બીજી મોટર સાયકલ નં. જી.જે.–૨૩ એજે–૮૭૧૪ કિંમત રૂપિયા ૧૫,૦૦૦, ત્રીજા મોટર સાયકલ નં. જી.જે.–૧૪ આર– ૧૩૧૧ કિંમત રૂપિયા ૫,૦૦૦, એક એન્ડ્રોઈડ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ તથા બીજો એન્ડ્રોઈડ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૪૦ હજારનાં મુદ્દામાલ સાથે ઝડપી લીધાં હતાં.

ઝડપાયેલ આરોપીઓની પોલીસે ઝીણવટભરી પૂછપરછ કરતાં આરોપી હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૩૦૨, ૩૪ જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબના ગુન્હાના કામે છેલ્લા પાંચ વર્ષથી જેલમાં હોય અને આઠેક મહિના પહેલા ૭ દિવસની પેરોલ રજામાં આવેલ અને પેરોલ પરથી જેલે હાજર ન થઈ છેલ્લા આઠ મહિનાથી ફરાર હોવાની હકીકત જણાઈ આવેલ છે.

જયારે વંથલી પોલીસ સ્ટેશનના બીએનએસ કલમ ૩૦૩(૨) મુજબના ગુન્હાના કામે હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા જુનાગઢ જેલમાંથી મોરબી જેલ બદલી થયેલ હોય અને મોરબી જેલે લઈ જતા હતા તે દરમ્યાન પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ અને છેલ્લા આઠ મહિનાથી ફરાર હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે બે મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર મોટર સાઈકલ લઈને બગસરા તાલુકાના માવજીંજવા ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યાં એક બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોના–ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર મોટર સાઈકલ લઈને બગસરા તાલુકાના જામકા ગામે દિવસના સમયે ગયેલ હતાં. ત્યાં એક બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોનાના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેય ચાલીને બગસરા તાલુકાના હાલરિયા ગામે રાત્રીના સમયે ગયેલ હતા. ત્યા બે બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોના–ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે બે મહિના પહેલારાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર મોટર સાઈકલ લઈને જેતપુર તાલુકાના ખીરસરા ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યા બંધ દૂધ– મંડળીના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સીસીટીવી કેમેરાના ડીવીઆરની ચોરી કરેલ અને બાજુમાં આવેલ સ્વામીનારાયણ મંદિરની દાનપેટી તોડી તેમાં ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા દિવસના સમયે હરસુખ તથા રોહિત તથા સંજય સુરેશભાઈ વાઘેલા (રે. ગઢડા) ત્રણેયે સાથે મળી ગઢડાના સખપર ગામેથી એક મોટર સાયકલ જી.જે.–૩૩ ડી–૪૨૮૧ની ચોરી કરેલ જે મોટર સાયકલમાં પેટ્રોલ પૂરૂં થઈ જતા રોજમાળ ગામે બિનવારસી મૂકી દીધેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે બે મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર ત્રણેય મોટર સાઈકલ લઈને વડીયા તાલુકાના તાલાળી ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યા બે બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોના–ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે ત્રણેક મહિના પહેલા દિવસના સમયે રોહિત તથા અક્ષય કાળભાઈ વાઘેલા તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર ત્રણેયે સાથે મળી પોરબંદરના ગરેજ ગામેથી મોટરસાયકલ જી.જે.–૨૫ એલ–૭૮૨૨ ની ચોરી કરેલ જે મોટર સાયકલ અક્ષય પાસે હોવાની હકિકત જણાવેલ છે.

આશરે પાંચેક મહિના પહેલા હરસુખ તથા રોહિત બંને સાથે મળી બગસરા તાલુકાના હામાપુર ગામે પાસેથી મોટર સાયકલ જી.જે.–૧૪ આર–૧૩૧૧ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે ચારેક મહિના પહેલા રોહિત તથા રામકુ કાળુભાઈ વાઘેલા તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેયે સાથે મળી જામજોધપુરથી મોટરસાયકલ જી.જે.–૧૦ સીએ–૭૩૧૧ની ચોરી કરેલ હતી. જેમાં રામકુ કાળુભાઈ વાઘેલા ગાડી સાથે પકડાઈ ગયેલ હતો અને રોહિત તથા અક્ષય પકડવાના બાકી હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર મોટર સાઈકલ લઈને જેતપુર તાલુકાના થાણાગાલોલ ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યા બંધ દૂધ–મંડળીના તાળા તોડી તેમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાઈ આવેલ છે.

આશરે ચારેક મહિના પહેલા રોહિત તથા રામકુ કાળુભાઈ વાઘેલા તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેયે સાથે મળી જામજોધપુરથી મોટરસાયકલ નં. જી.જે.–૦૫ એલસી–૩૦૩૮ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેય ચાલીને બગસરા તાલુકાના હુલરિયા ગામે રાત્રીના સમયે ગયેલ હતાં અને એક મોટર સાયકલ ચોરી કરેલ અને જે મોટર સાયકલ ગઢડા પાસે બિનવારસી હાલતમાં મૂકી દીધેલું હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત બંને સાથે મળીને ગોંડલ તાલુકાના દેરડી ગામેથી શાઈન મોટર સાયકલ ચોરી કરેલ અને જે મોટર સાયકલ બગસરા તાલુકાના હડાળા ગામે પેટ્રોલ પુરૂ થઈ જતા બિનવારસી હાલતમાં મૂકી દીધેલું હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત બંને સાથે મળીને બગસરા તાલુકાના હડાળા ગામેથી મોટર સાયકલ ચોરી કરેલ અને જે મોટર સાયકલ બગસરા તાલુકાના શીલાણા ગામે બિનવારસી હાલતમાં મૂકી દીધેલું હોવાની હકિકત જણાવેલ છે.

આમ બગસરા પોલીસને અમરેલી, બોટાદ, જામનગર, રાજકોટ, પોરબંદર જિલ્લાઓમાં થયેલ ઘરફોડ ચોરીઓ તથા ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવેલ છે. તથા આ કામનો આરોપી હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના ખૂનના ગુન્હામાં પેરોલ પરથી ફરાર હોય તથા પોલીસ જાપ્તામાંથી નાસી ગયેલ હોય અને આજદિન સુધી નાસતો ફરતો હોય જેને પકડી પાડવામાં પણ સફળતામેળવેલ છે.

આરોપીઓ બળદો વેચાણ અર્થે ગામડાઓમાં બળદ ગાડા તથા બકરા લઈ ડંગા પડાવ નાખી રોકાઈ જતાં અને આજુબાજુના વિસ્તારના ગામોમાં રેકી કરી મોટર સાયકલોની ચોરી કરી તે મોટર સાયકલનો ઉપયોગ ઘરફોડ ચોરી કરવામાં કરી બાદ મોટર સાયકલ બિનવારસી મૂકી દેવાની ટેવવાળા છે.


## :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનાર **શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીનાં તે અમારા અસીલ **યોગેશભાઈ લાભુભાઈ રામાણી,** રહે. લાઠી, તા.લાઠી, જિ.અમરેલી વાળાની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલો કે જેઓ અમરેલી જીલ્લાના લાઠી તાલુકાનાં લાઠી ગામે રહે છે અને તેઓએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના લાઠી ગામે રેવન્યુ સર્વે નં. ૨૫૧ માં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. ૮–એ, જેનું ક્ષેત્રફળ ૯–૬૫–૭૧ ચો.મી. વાળી મિલ્કત ધરાવે છે. તે મિલ્કતનો ઉતરોતર રજી.વેચાણ દસ્તાવેજ નં.૭૧૨, તા.૩૦/૧૦/૨૦૧૩ થી જે પ્રકાશભાઈ ભાસ્કરભાઈ ઉપાધ્યાય પાસેથી પ્રતિભાબેન રસીકકુમાર રાઠોડે ખરીલ કરેલ તે દસ્તાવેજની અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, અને ઉતરોતર દસ્તાવેજ શોધખોળ કરવા છતાં અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબ્જા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહીત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ – હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ **દિન–૭** માં નીચેનાં સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઈટલ કલીયર કબ્જા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં મુદત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિમલ પી. પોપટ,** એડવોકેટ
સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ,
અમરેલી – ૩૬૫૬૦૧ મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૧ | ૧૫૪૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૨ | ઘઉં | ૪૭૫ | ૫૦૧ |
| ૩ | ચણા | ૯૫૦ | ૯૯૦ |
| ૪ | અડદ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૫ | ધાણા | ૧૬૦૫ | ૧૭૦૦ |
| ૬ | શીંગદાણા | ૧૧૩૦ | ૧૪૦૫ |
| ૭ | સોયાબીન | ૮૧૫ | ૯૨૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૦ | ૧૬૦૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૬૦ | ૧૨૯૦ |
| ૩ | મગફળી | ૧૦૬૪ | ૧૩૭૬ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૧૧૦ |
| ૫ | તલ કાળા | ૩૨૧૦ | ૪૨૮૦ |
| ૬ | જીરૂ | ૩૩૨૫ | ૪૨૧૫ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૪૦ |
| ૮ | ચણા | ૯૩૫ | ૧૦૩૫ |
| ૯ | અડદ | ૯૩૦ | ૧૧૮૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૯૧૫ |
| ૧૧ | તુવેર | ૯૭૦ | ૧૨૮૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૩૩૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૨૫ | ૧૩૬૦ |
| ૩ | શિંગ મોટી | ૮૧૫ | ૧૩૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૫૪૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૧૫ | ૨૧૭૫ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૩૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૪૫ |
| ૧૦ | મગ | ૧૦૩૫ | ૧૮૨૫ |
| ૧૧ | અડદ | ૬૦૦ | ૧૨૧૫ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| ૧૩ | સફેદ ચણા | ૯૬૫ | ૧૧૩૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | કપાસ | ૭૫૦ | ૧૫૯૦ |
| ૧૭ | એરંડા | ૧૦૫૦ | ૧૨૮૫ |
| ૧૮ | જીરૂ | ૩૬૦૦ | ૪૧૭૦ |
| ૧૯ | રાયડો | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૨૦ | ધાણા | ૧૬૩૦ | ૨૧૪૫ |
| ૨૧ | મેથી | ૭૦૦ | ૯૭૦ |
| ૨૨ | સોયાબીન | ૮૨૫ | ૧૦૧૦ |
| ૨૩ | મરચા લાંબા | ૫૦૦ | ૪૬૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૨૫ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૭૫ | ૨૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૩૫૯૭ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૨૦૩ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૭૨૧ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૫૦૫ |
| ૧૧ | અડદ | ૭૦૦ | ૧૦૫૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૦૪૨ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૪ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૨૫૧ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૬૦૫ |
| ૧૬ | સોયાબીન | ૮૭૦ | ૯૪૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૨૬ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૨૮ |
| ૫ | ધાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ૬ | મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| ૭ | સોયાબીન | ૬૦૦ | ૯૫૧ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૧૨૨૦ |
| ૯ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૩૭ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૪૫ | ૧૪૧૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | લસણ | ૫૦૦ | ૬૦૫ |
| ૧૩ | અડદ | ૭૦૦ | ૧૦૫૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૩૬૨ |
| ૧૫ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૬ | બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| ૧૭ | મગ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ૧૮ | જીરૂ | ૩૦૦૫ | ૩૭૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૩૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૩ | તલ પીળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૬ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૪૬ |
| ૭ | જુવાર | ૭૦૧ | ૧૦૪૨ |
| ૮ | મગ | ૮૦૦ | ૨૯૫૨ |
| ૯ | તુવેર | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ૧૦ | ચણા | ૫૩૧ | ૯૨૫ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૮૬૨ |

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મંત્રી મુકુલ વાસનિકનો દાવો

# આમ આદમી પાર્ટી મત વિભાજન કરીને ભાજપને ફાયદો પહોંચાડ છે : કોંગ્રેસ

**૧૪૦૦ કિ.મી.ની યાત્રાનાં સમાપન પ્રસંગે દાહોદ ખાતે જન આક્રોશ સભા યોજાઈ**

**આદિવાસીઓની જમીનો, જંગલો છીનવીને ભાજપ સરકાર ઉદ્યોગપતિઓને આપવા ષડયંત્ર રચે છે**

**હવે દિવસો દુર નથી કે તમામ ભ્રષ્ટાચારી નેતાઓ અને અધિકારીઓને ખુલ્લા પાડી જેલમાં મોકલીશું**

**પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**










અમદાવાદ, તા. ૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકજીએ જણાવ્યું કે આજે આદિવાસી વિસ્તારોમાં બાળકો કુપોષિત હાલતમાં જોવા મળે છે, સારા રોડ–રસ્તાઓનો અભાવ છે અને આદિવાસી વિસ્તારોમાં પૂરતી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ નથી. ઉપરાંત રોડ–રસ્તાઓ બનાવવાના નામે મોટાપાયે આદિવાસીઓની જમીનોનું અધિગ્રહણ કરવામાં આવી રહ્યું છે અને યોગ્ય વળતર પણ આપવામાં આવી રહ્યું નથી. મનમોહન સિંહજી જયારે પ્રધાનમંત્રી હતા ત્યારે કોંગ્રેસની સરકારે એવો કાયદો બનાવ્યો હતો કે ગામમાં રહેતા લોકોને તેમની જમીનનું પૂરતું વળતર મળ્યા વિના અને તેમની સંમતિ વિના જમીન અધિગ્રહણ થઈ શકે નહીં, પરંતુ હાલની સરકાર આ વાત સાંભળવા તૈયાર નથી. અમે સરકારને સ્પષ્ટ કહીએ છીએ કે આદિવાસીઓની જમીન છીનવવા નહીં દઈએ અને આદિવાસી સમાજના હકો માટે સતત લડત રહીશું. અંતમાં તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટી ભાજપની જ રણનીતિનો ભાગ બની લોકોને ગેરમાર્ગે દોરી રહી છે અને તેનો હેતુ માત્ર મતવિભાજન કરવાનો છે, જેથી મળેલા મત અંતે ભાજપની ઝોળીમાં જ જાય અને તેનો સીધો ફાયદો ભાજપને થાય.

જન આક્રોશ યાત્રાને સંબોધિત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે ભાજપ સરકાર આદિવાસી સમાજના હક્ક અને અધિકારો છીનવવા માંગે છે. આદિવાસી સમાજને જંગલ જમીનના હક્કો, અનામત અને નોકરીઓ કોંગ્રેસના શાસનમાં આપવામાં આવી, પરંતુ ભાજપની સરકાર ભારતમાલા પ્રોજેક્ટ, જળાશય, અભ્યારણો અને એરપોર્ટ બનાવવાના નામે આદિવાસીઓની જમીનો હડપવાનું કામ કરી રહી છે. આદિવાસી યુવાઓને જાતિના દાખલા આપવામાં નથી આવતા અને આદિવાસી વિસ્તારોમાં રોજગારી માટે કોઈ વ્યવસ્થાઓ કરવામાં આવતી નથી. રોજગારી ના મળતા આદિવાસી સમાજના ભાઈઓ અને બહેનોને રાજયના અલગ–અલગ સ્થળોએ મજૂરી કરવા જવું પડે છે. આ ભાજપ ક્યારેય આદિવાસીઓના હિત માટે કામ કરતી નથી. ભાજપ સરકાર આદિવાસીઓ પાસેથી બધું છીનવીને ઉદ્યોગપતિઓને આપવા માંગે છે, પરંતુ અમે ભાજપની સરકારને કહેવા માંગીએ છીએ કે આદિવાસી સમાજના હક્ક અને અધિકારોની લડાઈમાં કોંગ્રેસનો એક–એક આગેવાન આદિવાસી સમાજની સાથે છે. આદિવાસી સમાજના હક્ક અને અધિકારો માટે કોંગ્રેસ લાઠી ખાવા, ગોળી ખાવા અને જેલ જવા માટે પણ તૈયાર છે.

ભાજપના શાસનમાં નલ સે જલ, મનરેગા સહિતની યોજનાઓમાં ભાજપના મંત્રીઓ અને નેતાઓએ કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે. તત્કાલીન મંત્રી બચુભાઈ ખાબડ જયારે મંત્રી હતા ત્યારે નરેન્દ્ર મોદીને સભાઓમાં સોનાના કડા અને મોટી સેરો પહેરાવતા લોકોને એવું લાગતું કે તેઓ ખૂબ ખર્ચો કરે છે, પરંતુ પાછળથી ખબર પડી કે મનરેગાના કૌભાંડમાંથી કમાયેલા પૈસાથી આ બધું કરવામાં આવતું હતું. જન આક્રોશ યાત્રાના સમાપન પ્રસંગે ગાંધીનગરની સત્તામાં બેઠેલા તમામ ભ્રષ્ટાચારી નેતાઓ અને અધિકારીઓને અમે કહેવા માંગીએ છીએ કે હવે એ દિવસો દૂર નથી જયારે જનતા તમને રસ્તાઓ પર દોડાવશે. કોંગ્રેસનો પણ સંકલ્પ છે કે એક પણ ભ્રષ્ટાચારીને છોડવાનો નથી અને તમામ ભ્રષ્ટાચારીઓને જેલના સળિયા પાછળ ધકેલવાના છીએ.

સભાના અંતમાં ઓલ ઈન્ડિયા આદિવાસી કોંગ્રેસના રાષ્ટ્રીય અપ્રયક્ષ અને ધારાસભ્ય વિક્રાંત ભૂરિયાજીએ જણાવ્યું કે આદિવાસી સમાજ કોઈને છેડતો નથી, પરંતુ કોઈ છેડે તો તેને છોડતો પણ નથી અને ભાજપે આદિવાસીઓને છેડવાનો પ્રયાસ કર્યો છે. હું ડોક્ટર છું અને જેમ ડોક્ટર સર્જરી કરે છે તેમ અમે ભાજપની રાજકીય સર્જરી કરવા તૈયાર છીએ. આદિવાસીઓની સાચી લડાઈ માત્ર કોંગ્રેસ જ લડી શકે છે અને આઝાદી બાદ આદિવાસીઓ માટે સાચું કામ માત્ર કોંગ્રેસે જ કર્યું છે. ગુજરાતમાં તાપી નર્મદા યોજનાના નામે આદિવાસીઓની જમીન હડપવામાં આવી રહી છે, જે સ્વીકાર્ય નથી.

વધુમાં, ભાજપે મણિપુરમાં આદિવાસી બહેનોને નગ્ન હાલતમાં દોડાવી અને તેમની સાથે દુર્વ્યવહાર કર્યો. મપ્રયપ્રદેશમાં આદિવાસી સમાજના વ્યકિત પર પેશાબ કરાયો, જે પણ ભાજપના જ લોકોએ કર્યું હતું, અને ગુજરાતમાં આદિવાસીઓની લડાઈ લડતા અનંત પટેલ પર હુમલો પણ ભાજપના લોકોએ જ કરાવ્યો. ભાજપ આદિવાસીઓને વનવાસી કહે છે, પરંતુ અમે મૂળનિવાસી છીએ અમે આદિવાસી છીએ.

૧૪૦૦ કિલોમીટર સંપન્ન થયેલી બીજા ચરણની જન આક્રોશ યાત્રાની દાહોદ ખાતે પૂર્ણાહૂતિ પ્રસંગે ગુજરાત કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, ઓલ ઈન્ડિયા આદિવાસી કોંગ્રેસ રાષ્ટ્રીય અધ્યક્ષ વિક્રાંત ભુરીયા, સહ પ્રભારી રામકિશન ઓઝા, વરિષ્ઠ આગેવાન અને પૂર્વ સાંસદ મધુસુધન મિસ્ત્રી, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણી, અનંતભાઈ પટેલ, કાંતિભાઈ ખરાડી, અમરતજી ઠાકોર, ગુલાબસિંહ ચેહાણ, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષદભાઈ નીનામા, ગુજરાત કોંગ્રેસ આદિવાસી વિભાગના અધ્યક્ષ રાજુભાઈ પારઘી, પૂર્વ સાંસદ તથા પૂર્વ ધારાસભ્યઓ, વરિષ્ઠ આગેવાનો સહિત મોટી સંખ્યામાં જિલ્લા તાલુકા પ્રમુખો, જિલ્લા પંચાયતના અને તાલુકા પંચાયતના સદસ્યો, મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ, સેવાદળ, સોશિયલ મીડિયા, આદિવાસી ડિપાર્ટમેન્ટ સહિતના સર્વે સેલ ડિપાર્ટમેન્ટના આગેવાનો, પ્રવકતાઓ, જન આક્રોશ યાત્રાના સર્વે પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં જન આક્રોશ યાત્રામાં ભાગ લઈને જન આક્રોશ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગુરૂકૃપાનગર મુખ્ય માર્ગ ઉપર

# અમરેલીમાં શ્રી બહુચર આનંદ ગરબા ગાથાનું આયોજન કરાયુ

**આગામી ૮ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી આયોજન**

અમરેલી, તા. ૬

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગુરૂકૃપાનગરના મુખ્ય માર્ગ ઉપર આગામી તા.૮ ગુરૂવારના રોજથી આગામી તા.૧૪ બુધવાર સુધી દરરોજ બપોરનાં ૨–૩૦ થી સાંજે ૭ વાગ્યા સુધી શ્રી બહુચર આનંદ ગરબા ગાથાનું આયોજન પ્રા. રાજુભાઈ ઉપાધ્યાય તથા સિદ્ધિ વિનાયક આનંદ ગરબા મંડળ તથા સ્વ. હંસાબેન વ્યાસ દ્વારા કરવામાં આવેલ છે. આ શ્રી બહુચર આનંદ ગરબા ગાથાની વ્યાસપીઠ ઉપર શાસ્ત્રી નેવિલકુમાર ભટ્ટ ગાંધીનગર વાળા બિરાજી સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે.

આ શ્રી બહુચર આનંદ ગરબા ગાથામાં તા. ૮ ગુરૂવારના રોજ બપોરે ૧ વાગ્યે ગાયત્રી શકિતપીઠ મંદિરથી પોથીયાત્રા પ્રસ્થાન થશે.જે પોથીયાત્રા કથા મંડપ પહોંચશે. અને ૨–૩૦ થી કથાનો પ્રારંભ થશે. તા.૯ ના રોજ નવદુર્ગામાં પ્રાગટ્ય, તા.૧૦ના રોજ શ્રી લલિતામ્બિકા માતાજી પ્રાગટ્ય, તથા રાત્રે ૯ કલાકે સુંદરકાંડ, તા.૧૧ના રોજ શ્રી રામદરબાર અને કૃષ્ણજન્મ, તથા રાત્રે ૯ વાગ્યે રાસ ગરબા અને ભુવા રાસ,તા.૧૨ ના રોજ શ્રીનાથજીની ઝાંખી. તા.૧૩ ના રોજ શ્રી બહુચર પ્રાગટ્ય. તા. ૧૪ના રોજ ફળશ્રુતિ અને કથાનો વિરામ કરવામાં આવશે.

આ શ્રી બહુચર આનંદ ગરબા ગાથામાં વિશાળ સંખ્યામાં કથાશ્રવણ માટે ભકજનો ઉપસ્થિત રહેનાર હોય, જેથી તમામ તૈયારીને આખરી ઓપ આપી તડામાર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

## ધારાસભ્ય જનક તળાવીયાની શિક્ષણમંત્રીને રજુઆત

# લાઠી તથા દામનગર પંથકનાં વિદ્યાર્થીઓની સુવિધા માટે સરકારી કોલેજ આપવા માંગ

**શિક્ષણમંત્રીએ યોગ્ય કરવાની ખાત્રી આપી**

અમરેલી, તા. ૬

લાઠી તથા દામનગર વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે નજીકમાં સુવિધા મળી રહે તે હેતુસર ધારાસભ્ય જનક તળાવીયાએ રાજયના શિક્ષણ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજા સમક્ષ નવી સરકારી કોલેજ મંજૂર કરવા બાબતે વિસ્તૃત રજુઆત કરી હતી.


રજુઆત દરમિયાન ધારાસભ્યએ જણાવ્યું હતું કે લાઠી–દામનગર તાલુકા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં ધોરણ–૧૨ બાદના વિદ્યાર્થીઓ વસે છે. હાલમાં નજીકમાં સરકારી કોલેજ ન હોવાના કારણે વિદ્યાર્થીઓને અમરેલી, ભાવનગર કે અન્ય શહેરોમાં અભ્યાસ માટે લાંબી મુસાફરી કરવી પડે છે, જેનાથી સમય, ખર્ચ અને સુરક્ષા સંબંધિત અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોની દીકરીઓ માટે આ સ્થિતિ વધુ પડકારજનક બને છે.

તેમણે વધુમાં જણાવ્યું કે જો લાઠી અથવા દામનગર વિસ્તારમાં નવી સરકારી કોલેજ મંજૂર કરવામાં આવે તો સ્થાનિક વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર અને સસ્તું ઉચ્ચ શિક્ષણ મળી રહેશે, ડ્રોપઆઉટ દરમાં ઘટાડો થશે અને વિસ્તારના સર્વાંગી વિકાસને વેગ મળશે. આ કોલેજમાં આર્ટ્સ, કોમર્સ તથા સાયન્સ જેવી અભ્યાસ શાખાઓ શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને પોતાની રસ અને ક્ષમતા અનુસાર અભ્યાસ કરવાની તક મળશે.

શિક્ષણ મંત્રીએ ધારાસભ્યની રજુઆતને ગંભીરતાપૂર્વક સાંભળી અને વિષયની યોગ્ય તપાસ કરીને જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે રાજય સરકાર ઉચ્ચ શિક્ષણના વિસ્તાર માટે પ્રતિબદ્ધ છે અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ સુવિધાઓ વધારવા માટે સતત પ્રયત્નશીલ છે.

આ રજુઆતથી લાઠી–દામનગર વિસ્તારના વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શૈક્ષણિક ક્ષેત્ર સાથે જોડાયેલા વર્ગોમાં નવી આશા જગી છે. સ્થાનિક લોકોએ ધારાસભ્ય જનક તળાવીયાના આ પ્રયાસને આવકાર્યો છે અને સરકાર તરફથી વહેલી તકે સકારાત્મક નિર્ણય લેવાશે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

# બાબરામાં પૂજય ગોવાદાદા મારૂનો ભવ્ય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો : માનવ મહેરામણ ઉમટયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા મુકામે સામાજિક કાર્યકર અને અઢારેય વર્ણના નિઃસ્વાર્થ સેવક એવા સ્વ. ગોવાદાદા મારૂના સ્મરણાર્થે ભવ્ય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સંત ન હોવા છતાં સંત જેવું જીવન જીવ્યા અને દલિત સમાજ સહિત તમામ વર્ગના હિત માટે કાર્યરત રહ્યા, તેવા પૂજય ગોવાદાદાની પ્રતિમા, શિવલિંગ સ્થાપન અને મા જોગમાયાની સ્થાપનાના આ પ્રસંગે બાબરા જાણે ભકિતમય બની ગયું હતું. **ધાર્મિક કાર્યક્રમોની હારમાળા :** આ પ્રસંગે જયોતિપાટ, મહાઆરતી, ધર્મસભા અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરાયું હતું. કાર્યક્રમની વિશેષતા એ રહી કે આયોજક પુત્રો ખીમજીભાઈ મારૂ, રાજેશભાઈ, ભરતભાઈ અને હિતેશભાઈએ પિતાની મૂર્તિની સાથે તેમના હયાત માતા હિંરૂ માની પણ મૂર્તિ પ્રતિષ્ઠા કરી માતૃ–પિતૃ વંદનાનો ઉમદા સંદેશ આપ્યો હતો. **સંતોની પ્રેરક ઉપસ્થિતિ :** મહોત્સવમાં જગદગુરૂ ગાર્ગ્યાચાર્ય પીઠાધીર ૧૦૦૮ મહામંડલેર મહેન્દ્રાનંદગીરી મહારાજ (જુના અખાડા), શામળદાસ બાપુ (ઘોઘાવદર), ગોવિંદગીરી બાપુ (ભારતી આશ્રમ), રાજેન્દ્રબાપુ, કલ્યાણદાસબાપુ સહિતના અનેક સાધુ–સંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. તેમના નિવાસસ્થાનેથી સંતોના ભવ્ય સામૈયા પણ કાઢવામાં આવ્યા હતા. આ તકે લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ જેનીબેન ઠુંમર, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા તેમજ પોલીસ પ્રશાસન અને ન્યાયિક ક્ષેત્રના અધિકારીઓ સહિત તમામ સમાજના રાજકીય અને સામાજિક આગેવાનોએ હાજરી આપી ગોવાદાદાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. રાત્રિના સમયે યોજાયેલ ભવ્ય સંતવાણી કાર્યક્રમમાં પદ્મશ્રી હેમંત ચૌહાણે પોતાના સુમધુર કંઠે ભજનોની રમઝટ બોલાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. હજારોની સંખ્યામાં ઉમટી પડેલા ભાવિકોએ આ ભકિતમય માહોલનો લ્હાવો લીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા મારૂ પરિવાર અને સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.




## જાહેર માર્ગો, જાહેર સ્થળો, ફૂટપાથ સહિત ઠેકઠેકાણે વ્યાપક પ્રમાણમાં દબાણ

# સબ ભૂમિ ગોપાલ કી : અમરેલીમાં ગમે ત્યાં દબાણ કરો... કોઈ પુછતુ નથી

**કલેકટર કચેરી અને જિલ્લા પંચાયત તરફ જતાં માર્ગ ઉપર ગંદકી અને કેબિનો ખડકાઈ ગઈ**

**નાગનાથ મંદિર સામે દિવસ-રાત આડેધડ વાહનોનું પાર્કિંગ કોઈને કશી ચિંતા જ નથી**

**પાલિકા કચેરીની દીવાલને અડીને પણ પાણીપુરીની રેંકડી રાખો, કપડાનું વેચાણ કરો ને મોજ કરો**

**પૂર્વ સાંસદની કચેરી નજીક ગંદકી અને કેબિનોનાં દબાણથી તેઓ રોષે ભરાયા**



અમરેલી, તા. ૬

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક હોવાથી ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓનાં નિવાસ સ્થાન અને બહારનાં અધિકારીઓ અને પદાધિકારીઓની પણ સતત આવનજાવન રહેતી હોય છે. તેમજ જિલ્લાભરમાંથી નાગરિકો વિવિધ સરકારી, શિક્ષણ, આરોગ્ય કે ખરીદી જેવા કાર્ય માટે આવતાં હોય મુખ્ય શહેર સુંદર રળિયામણું બનાવવું જરૂરી છે.

અમરેલી ખાતે કલેકટર કચેરી, જિલ્લા પંચાયત અને સિવિલ હોસ્પિટલ તરફ જતાં માર્ગ ઉપર કેબિનો ધ્વારા જાહેર માર્ગ ઉપર દબાણ, બિસ્માર માર્ગ અને ગંદકીની સમસ્યાને લઈને પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ પણ નારાજગી વ્યકત કરી છે. તેઓએ સમગ્ર દ્રશ્ય મોબાઈલમાં કેદ કરીને તંત્ર અને મીડિયાનું ધ્યાન દોર્યુ છે અને ચીફ ઓફિસરને પણ જણાવ્યું છે કે દબાણ અને ગંદકી દૂર ન થાય તો સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી દઈશ.

આમ, સત્તા પક્ષનાં પૂર્વ સાંસદને પણ પાલિકાનાં શાસકો નગણ્ય કરતાં હોય તો આમ આદમીની રજૂઆતનું શું થતું હતું તે પણ સમજી શકાય તેમ છે.

પાલિકાનાં પ્રાદેશિક કમિશનર અવારનવાર પાલિકાનાં અધિકારીઓને ગંદકી સહિતની સમસ્યાનું નિરાકરણ કરવા સુચના આપે છતાં પણ તેની કોઈ અસર જોવા મળતી નથી અને શહેરમાં ગંદકી, દબાણ, બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો જેવી સમસ્યામાં ઘટાડો થવાને બદલે સતત વધારો થઈ રહ્યો છે.

**પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં માર્ગદર્શનતળે સર્વેલન્સ ટીમને સફળતા મળી**

# બગસરા : અમરેલી સહિતનાં જુદા-જુદા જિલ્લાઓમાં થયેલ ૧૪ જેટલી ચોરીનાં આરોપીઓ ઝડપાયા

**ઝડપાયેલ આરોપીઓ ખૂનનાં ગુન્હામાં પેરોલ પરથી ફરાર થયેલ હતા**

અમરેલી, તા. ૬

ખૂનના ગુનામાં પેરોલ પરથી ફરાર તથા પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ તથા આંતર જિલ્લામાં ચોરી



કરતા રીઢા આરોપીઓને પકડી પાડી અમરેલી, બોટાદ, જામનગર, રાજકોટ, પોરબંદર જિલ્લાઓમાં થયેલ

**અનુસંધાન પાના ૬ ઉપર**













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)